PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/ક્વા–૦૨/૧૬–૧૭/ 8439 તા. 20/06/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જીવરાજભાઈ દામજીભાઈ પટેલ,
મકાન નં.: ૧૮૬ –અ, રઘુવિર પાર્ક,
રણજીત સાગર રોડ,
જામનગર
મો: ૯૮૭૯૧ ૨૩૬૮૯

વિષય :–ઘરવપરાશ ના વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૨/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, નગરસીમ પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No:- 06 /A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૨/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા. ૧૨–૦૯–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: જીવરાજભાઈ દામજીભાઈ પટેલ, ગામ: જામનગર,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : નગરસીમ પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર)

રજુઆત કરનાર :એ.કે.મહેતા, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર

## : હુકમ :

**ફરીયાદ : ઘરવપરાશ ના વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૫૦૨/૦૭૯૩૬/૫ નુ જોડાણ તા.૦૩–૦૭–૧૩ ના રોજ ચાલુ થયેલ છે. તેમજ, આ મકાન બંધ હાલત મા હતુ. ત્યારબાદ, તેઓનુ પ્રથમ બીલ, જે તા.૧૯–૧૦–૧૩ ના રોજ, રૂ.૧૫,૯૦૮/– નુ અપાયેલ છે. આમ, આ બીલ જોડાણ ચાલુ થયા તા.૦૩–૦૭–૧૩ થી તા.૧૯–૧૦–૧૩ સુધી ના ૩.૫ માસ નુ છે. આ ૩.૫ માસ દરમ્યાન મકાન બંધ રહેલ છે. જેથી, તેઓને અપાયેલ સદર બીલ બાબતે, તેઓએ પીજીવીસીએલ મા રજુઆત કરતા, પીજીવીસીએલ તરફથી મીટર ઉતારી લેબોરેટરી મા ચકાસણી કરી અને મીટર ને ઓકે જાહેર કરેલ હતુ. પરંતુ, સદર મીટર નો એમ.આર.આઈ. '' નો–રીસ્પોન્સ'' આવેલ છે. આમ, આ મીટર ક્ષતિગ્રસ્ત હોવા છતા, પીજીવીસીએલ તરફથી મીટર ને ક્ષતિગ્રસ્ત જાહેર કરી અને તેમને અપાયેલ સવાલવાળુ વીજબીલ ન્યાયિક રીતે મુલવેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી નુ ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૫૦૨/૦૭૯૩૬/૫ નુ જોડાણ, જે તા.૧૩–૦૭–૧૩ ના રોજ ચાલુ થયેલ છે. અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે ચાલુ થયા તારીખ : ૧૩–૦૭–૧૩ થી, માહે જુન–જુલાઈ –૧૩ થી ડિસેમ્બર–જાન્યુઆરી –૧૪ સુધી ના પ્રથમ ૦૩ દ્રીમાસીક વીજબીલો , જે જોડાણ મા ખરેખર થતા વીજવપરાશી યુનીટ મુજબ ના જ હતા. ત્યારબાદ, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર બદલાવવામા આવેલ હતુ. બદલાવવામા આવેલ નવા મીટર મા પ્રથમ માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૪ નુ ૮૯૦ યુનીટ (લોક) નુ બીલીગ થયેલ હતુ. આમ, અરજદાર શ્રી નુ સદર મકાન, માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૪ થી સતત બંધ રહેલ હતુ. જેથી, સદર જોડાણ મા, અરજદાર શ્રી ને જોડાણ ચાલુ થયા ફેબ્રુઆરી–માર્ચ –૧૪ થી માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૬ સુધી ના બીલીગ સમયગાળા સુધી નુ, અગાઉ ના સમયગાળા ના બંધ મકાન દરમ્યાન ના, ચડત / પડતર યુનીટ સબબ નુ, જે સવાલવાળુ બીલ આપવામા આવેલ છે, તે વીજબીલ ખરેખર, જોડાણ મા થતા વીજવપરાશ મુજબ નુ જ છે. તેમ છતા, અરજદાર શ્રી ની સદર જોડાણ ના મીટર ને બદલવાની અરજી ને ધ્યાને લઈને, પીજીવીસીએલ તરફથી, તા.૧૯–૧૧–૧૩ ના રોજ, મીટર સ્થળ પર થી ઉતારી લેબોરેટરી મા ચકાસણી કરાયેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા નોંધાયેલ ૩,૩૯૯ યુનીટ પણ, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા વીજવપરાશ મુજબ ના જ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા વીજબીલ બાબતે, ફરીયાદી અરજદાર શ્રી ની મીટર બદલાવવાની ફરીયાદ અરજી ને ધ્યાને લઈને પીજીવીસીએલ તરફથી, તા. ૧૯–૧૧– ૧૩ ના રોજ, અરજદાર શ્રી નુ સવાલવાળુ મીટર બદલી, અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. તેમ છતા, સદર મીટર ને મીટર કંપની સમક્ષ, વિશેષ તાંત્રીક અભિપ્રાય માટે રજુ કરાયેલ હતુ. મીટર કંપની તરફથી પણ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરેલ હતુ. આમ, અરજદાર શ્રી નુ સવાલવાળુ મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંધાતા યુનીટ પણ, જોડાણ મા થતા વીજવપરાશી વીજભાર અન્વયે ના જ હોવાની બાબત, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને, કચેરી મા રૂબરૂ બોલાવીને સમજાવવામા આવેલ હતી. ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની તેમના મીટર ની ચકાસણી બાદ ની, તાંત્રીક રીતે યોગ્યતા હોવાની બાબત, જે રાજીખુશી થી માન્ય રાખેલ હતી. અને તે મુજબ તેઓશ્રી ને અપાયેલ સવાલવાળુ વીજબીલ પણ, સદર તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા નોંધાયેલ યુનીટ મુજબ નુ હોવાની બાબતે, અરજદાર શ્રી રાજીખુશી થી સંમત થયેલ હતા. અને તેઓને અપાયેલ સવાલવાળુ વીજબીલ તેઓએ માન્ય રાખી, અને હવે તેઓ શ્રી ને સદર બાબતે પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા સબબ નો, અરજદાર શ્રી એ, તા.૦૧–૦૯–૧૬ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે.આમ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૧–૦૯–૧૬ ના સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..